# V. & C. Patel English School

## Summative Assessment-I

તારીખ : ૨૨-૯-૨૦૧૭ | ધોરણ : ૭ | ગુણ : ૮૦

સમય : ૩ કલાક | વિષય : ગુજરાતી

સૂચના:

૧) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

૨) બધાજ પ્રશ્નોના ઉત્તરો ફરજિયાત છે.

૩) જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવા.

પ્ર. ૧. નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો. (૫)

કવિતાએ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો ચૈતન્ય, વ્યાપન અને અનેકતામાં એકતા એ કવિતામાં અવશ્ય હોવા જોઇએ. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઇએ આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં , બુદ્ધિમાં, હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેયથી પર પરમાત્મા સ્વરૂપમાં બિરાજી રહેલો છે. તેમ કવિતા પણ મનુષ્યના બુદ્ધિ, હૃદય કૃતિ અને અંતરાત્મા......એટલે કે ધાર્મિકતા યુક્ત હોય. તે સૌની જરૂરિયા સંતોષે એવી હોવી જોઇએ. કવિતાનો ત્રીજો આત્મ ધર્મ અનેકતામાં એકતા છે. એક જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો, પ્રસંગો, ઉક્તિઓ, રસ વૈવિધ્ય અને વર્ણનો રચવા તેમાં કવિતાનું મહાત્મ્ય રહેલું છે.

પ્રશ્નો :-

૧. કવિતા એ શું છે?

૨. કવિતામાં શુ હોવું જોઇએ?

૩. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા કેવી છે?

૪. કવિતાનો ત્રીજો આત્મા ધર્મ કયો છે?

૫. કવિતાનું મહાત્મ્ય શામાં રહેલું છે?

પ્ર. ૨. નીચે આપેલા વિષયમાંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. (૭)

૧. ૧૫ મી ઓગષ્ટ    ૨. સુંદર અક્ષરોનું મહત્વ

પ્ર. ૩. (અ) નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો. (૫)

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના જ્ઞાન સંભવ નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય પોતાની જાત ઉપર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાયતો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહી. ત્રીજુ કર્તવ્ય સેવાભાવનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યજ્ઞપર્વમાં ''વૃદ્ધોની સેવા કરવાની જ્ઞાનપ્રાપ્તિ થાય છે.'' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવુતે છે. તેણે દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ.

પ્રશ્નો :-

૧. વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે?

૨. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય કયું છે?

૩. શ્રદ્ધા વિના શું સંભવ નથી ?

૪. વૃદ્ધોની સેવા કરવાથી શું મળે છે?

૫. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય કયું છે?

(૬)

(બ) નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તા લખો.

એક લુચ્ચો દુકાનદાર - કરિયાણાની દુકાન - એક ગ્રાહક - ખાંડ ખરીદવી - દુકાનદારનું ઓછું તોલવું - ગ્રાહકની ફરિયાદ - દુકાનદારનો જવાબ - ''વધારે વજન ઊંચકવું નહિ પડે'' - ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા - પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માંગણી - ગ્રાહકનો જવાબ ''પૈસા વધારે ગણવા નહિ પડે'' - બોધ.

પ્ર. ૪. (અ) તમે તમારા અક્ષરો સુધારવા કેવો પ્રયત્ન કરો છો તે દર્શાવતો પત્ર તમારા પિતાજીને લખો. (૬)

(બ) કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૩)

માલમ મોટાં......................

.............................અવતાર રે.....

પ્ર. ૫. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ સાત) (૭)

૧. વહાલાજી માટે શાનો મંડપ બનાવવામાં આવી રહ્યો છે?

૨. પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવને શો વિશ્વાસ હતો?

૩. મનુબહેન ગાંધીજીને શું થતાં હતાં ?

૪. 'ભીખુ' પાઠમાં ''આ છોકરો સ્તંભ હશે'' શબ્દનો શું અર્થ થાય છે?

૫ કાકાસાહેબ કાલેલકરે ગાંધીજીને કયું બિરુદ આપ્યું હતું?

૬. ભાભીએ દિયરને કેવું મહેણું માર્યું છે?

૭. બાનું જીવનસૂત્ર શું હતું?

૮. બા ની ઉંમર કેટલા વર્ષની છે?

પ્ર. ૬ નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ પાંચ) (૧૦)

૧. લેખિકાની ભૂલનું પ્રાયશ્ચિત કરવા બાપુએ શું સૂચવ્યું ?

૨. ભીખું તેની મા પાસે શા માટે ખોટું બોલ્યો ?

૩. લેખક ''કાલેલકર'' ને સાચી કેળવણી ક્યારે મળી ?

૪. બા બહારગામ જાય ત્યારે વાડા અંગે શી ચિંતા રહેતી ?

૫. મહાદેવે શું વિચારીને ખુશાલમાના ખેતરમાંથી ગાયને હાંકી ?

૬. ગોપીને આજની ઘડી રળિયામણી શા માટે લાગે છે?

પ્ર. ૭ (અ) નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ) (૬)

૧. 'પરીક્ષા' પાઠને આધારે મહાદેવ વિશે પાંચ વાક્યો.

૨. બાપુએ લેખિકાને શાનો ઠપકો આપ્યો?

૩. ભીખુ દાળિયા ખાતાં શા માટે અટકી ગયો ?

૪. કાકાસાહેબનો વકીલને બદલે એન્જિનિયર થવાનો હેતું શો હતો?

૫ બા પોતાના દિકરાને ઘેર બે-ત્રણ દિવસથી વધારે કેમ ન હતાં રહેતાં ?

(બ) યોગ્ય જોડકાં જોડો. (૩)

| | |
|---|---|
| ૧) ભીખુ | ભક્તિગીત |
| ૨) માલમ હલેસા માર | સંવેદન કથા |
| ૩) જીવન પાથેય | લોકગીત |
| | આત્મકથા ખંડ |

પ્ર. ૮(અ) નીચે આપેલ વાક્યો કોણ બોલે છે. તે લખો. (૩)

૧. ''હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી દઉં!''

૨. ''બરફ સાર્યો તેના દસ પૈસા આવ્યા ને''

૩. ''તારી કેળવણી પર ધૂળ છે.''

(બ) યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો. (૨)

૧. કેસરભીનાં તમે જીવો .................મારાં.

૨. બા.................ભરીને ફૂલો મંદિરમાં મોકલતાં.

(P.T.O.)

(ક) નીચે આપેલા વિધાનો સાચાં છે કે ખોટા તે લખો. (૨)

૧. લેખકના પાંચ ભાઇઓમાંથી ત્રણ બી.એ. સુધી પહોંચી શક્યા હતા.

૨. બા ના વાડામાં ઔષધીય છોડ પણ હતા.

પ્ર. ૯ (અ) નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો. (૩)

૧. આંખ ભીની થઇ જવી.

૨. મેણું મારવું

૩. એક ના બે ન થવું.

(બ) નીચે આપેલ કહેવતનો અર્થ આપો. (૧)

૧. દશેરાએ ઘોડું ન દોડવું.

(ક) નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. (૨)

૧. હિંદ મહાસાગરનો એક બેટ

૨. જરૂરી ન હોય તેવું વાપરવા માટે ભેગું કરવું તે.

(ડ) નીચે આપેલ વાક્યોમાંથી વિશેષણ શોધો. (૨)

૧. અત્યંત કંગાળ સ્ત્રી ત્યાં બેઠી હતી.

૨. વાડામાં ઔષધીય છોડ પણ મળે છે.

પ્ર.૧૦ (અ) નીચે આપેલ વાક્યોમાંથી સંયોજક ઓળખીને લખો. (૨)

૧. પહેલો નંબર આવશે તો દર મહિને પંદર રૂપિયા મળશે.

૨. મારી દલીલથી પિતાશ્રી પીગળ્યા અને તેમણે મને કોલેજમાં જવાની રજા આપી.

(બ) નીચે આપેલ શબ્દોના અર્થ આપો. (૨)

શાખ, માલમ, રહમ, મતિ

(ક) નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ આપો. (૨)

મોટું, સુખ, તડકો, આશા

(ડ) નીચે આપેલ શબ્દોની જોડણી સુધારો. (૧)

શીષ્યવ્રુતી, અનીમેશ

Best of Luck